છોટાભીમથી લઈને ડોરેમોન પીચકારીઓમાં અનેક વેરાયટી

પીચકારીઓમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો : ચાઈનીઝ પીચકારીનો દબદબો યથાવત

ગાંધીનગર, તા. ૯

હોળી-ધુળેટીનું પર્વ હવે સાવ નજીક આવી ગયું છે ત્યારે બજારોમાં વિવિધ પીચકારીઓ ઉપલબ્ધ બની છે. કાર્ટુન કેરેકટરવાળી વિવિધ પીચકારીઓએ

રંગ જમાવ્યો છે. બાળકો માટે પીચકારીઓનો વિવિધ ખજાનો ખુલ્લો મુકાઈ ગયો છે.

હોળી-ધુળેટી બાળકોનો સૌથી મનપસંદ તહેવાર છે. એકબીજા પર રંગો ઉડાડવાની મજા લેતા બાળકો આ તહેવારનો મન ભરીને માણે છે. બાળકોને ગમે તેવી વિવિધ પીચકારીઓ બજારમાં ઉપલબ્ધ બની છે. છોટાભીમ, ડોરેમોન, એન્ગ્રીબર્ડ, બેનટેન સહિત બાળકોમાં પ્રિય હોય તેવા કેરકેટરની પીચકારીઓ મળી રહી છે. ચાઈનીઝ પીચકારીઓનો ઉપાડ પણ વધુ રહે છે.

પમ્પ અને ટેન્ક જેવી દસેક વેરાયટી બજારોમાં ઉપલબ્ધ છે. નાના બાળકો માટે રમકડા ટાઈપ અને બલુનવાળી પીચકારીઓ ઉપલબ્ધ બની છે.

પમ્પમાં ટુ ઈન વન, ટુ ઈન ફાઈવ જેવી વેરાયટી નવી આવી છે. જેમાં એક સાથે બે થી પાંચ વ્યક્તિઓને પીચકારીથી ભીંજવી શકાય છે. વળી ટેન્કમાં પાંચ લીટર સુધી પાણી સમાઈ શકે તેવી જાયન્ટ પીચકારી પણ ક્યાંક ક્યાંક જોવા મળી રહી છે. આ વર્ષે પીચકારીની કિંમતમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો થયો છે. બાળકોને ધ્યાનમાં રાખીને જ

(તસવીર : દિપક જાની)

વિવિધ પીચકારીઓ ડીઝાઈન કરવામાં આવી છે. મ્યુઝીકવાળી ગનની પીચકારી હજુ બાળકોમાં હોટ ફેવરીટ છે.

નો પાર્કિંગ ઝોનમાં વાહનોનો ખડકલો

ડેપોમાં હવે અંદર જ વાહનો ઘુસાડી દેવાય છે : સિવિલના પાર્કીંગ ઝોનમાં લારી-ગલ્લા અને રીક્ષાઓનો અડીંગો

ગાંધીનગર, તા. ૧૦

શહેરના એસ.ટી. ડેપો અને

સિવિલ વિસ્તારમાં પાર્કીંગ વ્યવસ્થા રામભરોસે મુકી દેવાતા નો પાર્કીંગ ઝોન પાસે જ વાહનોના ખડકલા થાય છે. ડેપોમાં બસ આસપાસ પણ વાહનોનો ઢગલો થઈ જાય છે. તો ક્યારેક ડેપોની અંદર પણ વાહનો ઘુસાડી દેવાતા પાર્કીંગ સેન્સના નામે મીંડુ સર્જાયું છે. સિવિલમાં પણ આડેધડ ખડકાયેલા વાહનોની સાથે પાર્કીંગ પ્લેસ પર લારી-ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવ્યા છે.

શહેરમાં ટ્રાફિક સેન્સના ભારોભાર અભાવ વચ્ચે માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી ચિત્ર ઉપસી આવ્યું છે. પાર્કીંગ સેન્સના અભાવે નજર નાખો તો આડેધડ અભાવે રોજબરોજ ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. તંત્ર દ્વારા લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ ઉપર દબાણો અસ્તિત્વમાં આવી જતા માર્ગ વચાળે વાહનોનો ખડકલો થાય છે. આડેધડ પાર્કીંગ બદલ કોઈ કાર્યવાહી ન થતા વાહનચાલકોને પણ ખુલ્લો દૌર મળ્યો છે. બીજીતરફ પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાવાળાએ અડીંગો જમાવતા યોગ્ય પાર્કીંગ માટે વાહનચાલકોએ પણ ફાંફા મારવા પડે છે. શહેરના વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. શહેરમાં સ્થિત વિવિધ કચેરીઓ તો મજ કોમર્શિયલ વિસ્તાર આસપાસ પણ યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. તંત્ર દ્વારા લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ ઉપર દબાણો અસ્તિત્વમાં આવી જતા માર્ગ વચાળે વાહનોનો ખડકલો થાય છે. આડેધડ પાર્કીંગ બદલ કોઈ કાર્યવાહી ન થતા વાહનચાલકોને પણ ખુલ્લો દૌર મળ્યો છે. બીજીતરફ પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાવાળાએ અડીંગો જમાવતા યોગ્ય પાર્કીંગ માટે વાહનચાલકોએ પણ ફાંફા મારવા પડે છે. શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપો અને સિવિલ હોસ્પિટલને પણ પાર્કીંગની સમસ્યા ભરખી ગઈ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ડેપોમાં એસ.ટી. બસોની આસપાસ જ આડેધડ ખાનગી વાહનોનો ખડકલો થઈ જાય છે. આ ઉપરાંત નોપાર્કીંગ ઝોનની સૂચના દર્શાવતા બોર્ડ નજીક જ વાહનો પાર્ક થતા યોગ્ય વ્યવસ્થાના અભાવ વચ્ચે મુલાકાતીઓ અને મુસાફરોએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. બીજીતરફ એસ.ટી.ના ડ્રાઈવરો માટે પણ કથળેલી પાર્કીંગ વ્યવસ્થા માથાના દુખાવારૂપ બની છે. સિવિલ હોસ્પિટલમાં વાહનો પાર્ક કરવા નહી તેવી સૂચના દર્શાવતા બોર્ડ આસપાસ જ રીક્ષા સ્ટેન્ડ અસ્તિત્વમાં આવ્યું છે. પાર્કીંગ પ્લેસ પર શાકભાજીની લારીઓ સહીતના દબાણોએ અડીંગો જમાવ્યો છે. શહેરમાં ટ્રાફિક નિયમનની જેમ પાર્કીંગ સેન્સના મામલે કોઈ તકેદારી ન રખાતા પાર્કીંગ સમસ્યા વિકરાળ બની છે.

સેક્ટર-૧ના તળાવ વિસ્તારમાં અંધારપટ! સહેલાણીઓને મુંઝવણ

કરોડોના ખર્ચે વિકસાવાયેલા તળાવ આસપાસના ઉદ્યાનમાં લાઈટીંગ પોલ્સ બંધ

ગાંધીનગર, તા.૧૦

સે-૧માં કરોડોના ખર્ચે વિકસાવાયેલા તળાવમાં હજુ પાણી જોવા મળતું નથી. પરંતુ આસપાસના વિસ્તારમાં નિર્માણ પામેલા ઉદ્યાનના લીધે ઢળતી સાંજે સહેલાણીઓની ભીડ જોવા મળે છે પરંતુ તળાવ વિસ્તારમાં લાઈટો બંધ રહેતા છવાયેલો અંધારપટ્ટ મુલાકાતીઓ માટે મુંઝવણરૂપ બને છે.

સે-૧ના તળાવ વિકાસની યોજનાનું ૮ વર્ષના અંતે પણ ઠેકાણું પડયું નથી. ત્રણ તબક્કામાં હાથ ધરાયેલી કામગીરીના અંતે દાયકા જેટલો સમય વીતવા આવશે આમ છતાં તળાવ વિકાસની યોજના પૂર્ણ રૂપે આકર્ષણરૂપ બની નથી. તળાવ નિર્માણની કામગીરી પૂર્ણ થયા બાદ પણ તળાવમાં પાણી ભરાયું નથી. જો કે આસપાસ નયનરમ્ય ઉદ્યાન વિકસાવાતા સહેલાણીઓ માટે હાલ આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જેના પરીણામે સાંજના સમયે મુલાકાતીઓની ભીડ જામે છે. વીક એન્ડના દિવસોમાં પરિવારજનોની ભીડ જામે છે. હરિયાળી લોનમાં હળવી પણો વીતાવતા સિનિયર સિટિઝન્સ માટે પણ આ જગ્યા આર્શીવાદ રૂપ બની છે. પરંતુ પાણી વગરના તળાવની સાથે સાંજ ઢળતા હરિયાળા ઉદ્યાનમાં અજવાળુ ન પથરાતા મુલાકાતીઓને પારાવાર મુશ્કેલીનો સામવો કરવો પડે છે. સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ

● અનુસંધાન પાન-૭ પર

કલેક્ટર કચેરીની ઓચિંતી મુલાકાત લેતા અધિક જિલ્લા નિવાસી કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૦

અધિક જિલ્લા નિવાસી કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયાએ આજે સવારે કલેક્ટર કચેરીના તમામ માળનો અચાનક રાઉન્ડ લીધો હતો તેમજ કચેરીની વિવિધ શાખાઓની કામગીરી અંગે નિહાળી જરૂરી સૂચનાઓ કર્મચારીઓને આપી હતી.

આજે સવારે કલેક્ટર કચેરીના રાઉન્ડ પર નીકળેલા નિવાસી અધિક કલેક્ટરે કલેક્ટર કચેરીની સ્વચ્છતાના મુદ્દે ચીટનીસને જરૂરી કાર્યવાહી કડક હાથે કરવા માટેની તાકીદ કરી હતી.

ડૉ. મોડિયાએ સ્વચ્છતાના મુદ્દે વ્યક્ત કરેલી નારાજગી તેમજ કેટલીક કચેરીઓમાં ઝડપી કામગીરી માટે કર્મચારીઓને તાકીદ કરી હતી.

કલેક્ટર કચેરીમાં સ્વચ્છતા માટે આમ તો દરેક માળ માટે કચેરીઓને જવાબદારી આપવા અંગેના હુકમો કરાયેલા છે પરંતુ તે ફાઈલોમાં અટવાઈ જવા પામ્યા છે. માળોની સ્વચ્છતાને લઈ છેલ્લા ઘણા દિવસથી કર્મચારીઓમાં ગણગણાટ ચાલી રહ્યો છે.

મળતી વિગતો મુજબ ચૂંટણી માટે વિવિધ સ્કવોડની કામગીરી માટે જગ્યા ફાળવણી માટે પણ અધિક કલેક્ટરે હુકમો કર્યા છે.

મેયર અને પંચાયત પ્રમુખની ગાડીઓ પરત ખેંચી લેવાઈ

ચૂંટણીમાં ૨૫૦થી વધુ વાહનોની જરૂરિયાત રહેશે સરકારી અધિકારીઓની ગાડીઓ મેળવવાની હાથ ધરાઈ કવાયત

ગાંધીનગર, તા.૧૦

લોકસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ વહીવટીતંત્ર મિશન મોડ પર કામગીરી ચાલી રહી છે. આ ચૂંટણી માટે તંત્ર દ્વારા ગાડીઓ સંપાદિત કરવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે પંચાયત પ્રમુખ અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરની ગાડી આજે તંત્ર એ પરત ખેંચી લીધી છે. આ ગાડીઓ હવે જિલ્લા કલેકટર કચેરી હસ્તક મુકવામાં આવશે તેમ મનાય છે.

જિલ્લા તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ચૂંટણી માટે રચાયેલ વિવિધ સ્કવોર્ડ, સેકટરલ સુપરવાઈઝર, નિરીક્ષકો તેમજ તંત્રના અધિકારીઓની કામગીરી માટે ૨૫૦થી વધુ વાહનોની જરૂરિયાત રહેશે. આ વાતને લઈ પ્રથમ તબક્કામાં ૫૦ જેટલી ગાડીઓનું સંપાદન કરવામાં આવશે.

આ પછી જેમ જેમ ચૂંટણીઓ નજીક આવશે તેમ તેમ ગાડીઓ સંપાદન કરવામાં આવશે. આ માટેની

● અનુસંધાન પાન-૭ પર

મોદી પ્રવાસેથી પાછા ફરતા આજથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર

૧૨મી સાંજ સુધીમાં સંભવિત ઉમેદવારોની આખરી પેનલ યાદી તૈયાર કરી દેવાશે

ગાંધીનગર, તા. ૧૦

ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની પુનઃ આવતીકાલથી બે દિવસ બેઠકનો દોર શરૂ થશે અને તમામ ૨૬ લોકસભા બેઠકો માટેની પેનલ યાદી આખરી કરી દેવામાં આવશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે પુણીયા ખાતે રેલીને સંબોધતા બિહારના પ્રવાસે ગયા હતા જેના કારણેઆજેપ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી ન હતી. સાંજે બિહારથી મુખ્યમંત્રી પરત ફરતા આવતીકાલથી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર શરૂ થશે.

આવતીકાલથી સતત બે દિવસ ચાલનારી બેઠકમાં તમામ ૨૬ લોકસભા બેઠકો પરના સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદીને આખરી કરી દેવામાં આવશે. આવતીકાલે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં બેઠક મળનારી છે. જેમાં તમામ લોકસભા બેઠક માટે જિલ્લાવાર બેઠકનો દોર હાથ ધરવામાં આવનાર છે.

૨૬ લોકસભા બેઠક ઉપરાંત વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકો માટે પણ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. જો કે આ સાત બેઠકોપૈકીની મોટા ભાગની બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યોને તેમની બેઠક પર પુનઃ ટિકિટ ભાજપમાંથી આપીને ચૂંટણી લડાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

૧૨મી માર્ચેસાંજ સુધીમાં તમામ ૨૬ લોકસભા બેઠકો માટે તેમજ સાત વિધાનસભા બેઠકો માટેના ઉમેદવારોની જાહેર કરીને ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ કરી દે તેવી પુરી શકયતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૩મીના રોજ દિલ્હી ખાતે ભાજપની રાષ્ટ્રિય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે જેમાં ગુજરાતની ૧૩ લોકસભા બેઠકો માટેના સંભવિત ઉમેદવારોની પેનલ યાદી રજુ કરાશે. અને મોવડીમંડળ પ્રદેશ નેતાઓ સાથે ચર્ચા કરીને પેનલયાદી પરના નામો પર ચર્ચા કરીને ઉમેદવારના નામ પર આખરી પસંદગીનો કળશ ઢોળીને ઉમેદવારના નામની આખરી પસંદગી કરીને ૧૩મીએ સાંજ સુધીમાં જ ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવે તેવી શકયાતો સેવાઈ રહી છે.

આ વખતે પણ ભાજપ કોંગ્રેસ પહેલા જ તમામ ઉમેદવારોના નામો જાહેર કરીને ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ કરી દે તેવી પુરી શકયતાઓ સેવાઈ રહી છે.

પરીક્ષાની મોસમ - આવતીકાલથી ધોરણ-૧૦અને ૧૨ની પરીક્ષાના પ્રારંભ સાથે પરીક્ષાની મોસમ ખીલી ઉઠશે... શાળા-કોલેજના વિદ્યાર્થીઓ ઉત્તમ દેખાવ માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે... સેક્ટર-૧૦ના ગ્રંથાલયમાં સરસમજાના વાચનાલયમાં વિદ્યાર્થીઓ છલકાય છે... વાંચવાના શાંત માહોલ માટે પુસ્તકાલયના વાંચનખંડોમાં વાંચવાનું વિદ્યાર્થીઓ વધુ પસંદ કરે છે... સાથે સાથે સહાધ્યાયીઓનું માર્ગદર્શન મેળવી વધુ સારી તૈયારી કરવાની તક પણ મળતી હોય છે... (તસવીર : દિપક જાની)

સચિવાલયના વિભાગોમાં રીનોવેશનનો ધમધમાટ

બ્લોક નં ૨ના ત્રીજા, ચોથા અને પાંચમા માળે તથા બ્લોક નં.૧માં ત્રીજા અને પાંચમા માળે તડામાર રિનોવેશન ચાલી રહ્યું છે

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં એક તરફ ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે બીજી તરફ નવા સચિવાલયના બ્લોકમાં કેટલાક વિભાગોની કચેરીઓમાં રીનોવેશનની કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

સચિવાલયના બ્લોક નં.૨ના ત્રીજા, ચોથા અને પાંચમા માળે રાજયકક્ષાના મંત્રીઓના કાર્યાલયો આવેલા હતા. નવ નિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨માં રાજયકક્ષાના મંત્રીઓના કાર્યાલયો ખાલી થવા પામ્યા છે.

હવે આ ખાલી જગ્યાઓ સચિવાલયના કેટલાક વિભાગોને ફાળવવામાં આવનાર હોઈ આ કચેરીઓમાં તોડફોડ કરીને રીનોવેશન કરીને કોર્પોરેટ જેવી કચેરીઓ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

નવા સચિવાલયના બ્લોક નં. ૧માં પણ કેબીનેટ મંત્રીઓના કાર્યાલય ખાલી થતાં આ બ્લોકના ત્રીજા માળે ચુંટણી પંચના કાર્યાલયને જગ્યા ફાળવવામાં આવી છે. જયારે મુખ્ય સચિવનું કાર્યાલય ત્રીજા માળેથી શીફટ કરીને પાંચમા માળે ખસેડવામાં આવ્યું છે.

ગુજરાત શિક્ષણ ક્ષેત્રે ૨૨માં ક્રમે ધકેલાયું : મોઢવાડીયા

અમદાવાદ, તા.૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી બિહારમાં જઈને શિક્ષણ અને વિકાસના મોટા મોટા દાવાઓ કરે છે પણ વાસ્તવિકતા અલગ છે. ગુજરાત શિક્ષણ ક્ષેત્રે ૨૨માં ક્રમે ધકેલાઈ ગયું છે. ગુજરાતમાં ૧૩૦૦૦ શાળાઓ બંધ કરવાનો ચૈધ્યાંતિક નિર્ણય આ ભાજપ સરકારે કર્યો છે. ગુજરાતમાં ૧૧૦૦૦ શાળાઓ એવી છે કે જ્યાં એક વર્ગખંડમાં એક કરતા વધુ ધોરણના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ફરજ પડી છે. ગુજરાતમાં ૨૨૪ તાલુકાઓમાંથી ૮૫ તાલુકાઓ એટલે કે ૩૮ ટકા તાલુકાઓ શિક્ષણ ક્ષેત્રે પછાત છે. ગુજરાતમાં પાંચમાં ધોરણમાં ભણથા બાળકોમાં ૬૯ ટકા જેટલા બાળકોને ૯૯ સુધીના એકડા ગણતા આવડતું નથી. પાંચમાં ધોરણમાં ભણતા ૫૨ ટકા વિદ્યાર્થીઓ બાદબાકી કે ભાગાકાર કરી શકતા નથી તેમજ ધોરણ-૮માં ભણતા ૬૫ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચી શકતા નથી. ૩૮ ટકા સ્કુલોમાં શુદ્ધ પાણીની સુવિધા નથી, ૩૪ ટકા સ્કુલોમાં ટોઈલેટ નથી, ત્યારે શિક્ષણ મેળવવું કેટલું મુશ્કેલ છે અને મુખ્યમંત્રીના વિકાસના દાવાઓમાં કેટલું સત્ય છે તે જાહેર થાય છે. મુખ્યમંત્રી ગુજરાતમાં કોમ્પ્યુટર શિક્ષણના વ્યાપ માટેની બિહારમાં જે દાવા કર્યા છે વાસ્તવિકતા એછે કે કેન્દ્ર સરકાર દ્વારા બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળે તે માટે સ્કુલોમાં કોમ્પ્યુટર આપવામાં આવયા પણ ૫૨ ટકા સ્કુલમાં કોમ્પ્યુટર વાપરવામાં આવતા નથી. મોટા ભાગની સ્કુલોમાં તો કોમ્પ્યુટરો ધુળ ખાય છે. કેન્દ્ર દ્વારા અપાયેલ ૧૫૦૦ કરોડ રૂપિયાનો યોગ્ય ખર્ચ ન કરીને ગુજરાતને શિક્ષણમાં પાછળ રાખવાનો પ્રયત્ન કર્યો છે. સર્વ સિક્ષા અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩માં રૂપિયા ૩૩૧૩ કરોડનાં અંદાજ સામે માત્ર ૪૦ ટકા જ ખર્ચ થયો. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં કેન્દ્ર સરકારની શિક્ષણની તમામ યોજનાઓ માટે ગુજરાત માટે રૂપિયા ૬૨૭૫ કરોડના અંદાજ સામે માત્ર ૨૦ ટકા ખર્ચ ન કરીને શિક્ષણના વિકાસ રૂંધવાનો અને

● અનુસંધાન પાન-૭ પર

Public Notice

We,
M/s Bonanza Portfolio Ltd. SEBI REG No. INB 230637836 (Member NSE) and SEBI REGN. INB011110237 (Member BSE) Having corporate office at "Bonanza House" Plot No. M-2 Cama Industrial Estate, Walbhat Road, Behind "The Hub" Goregaon (E), Mumbai 63. do hereby inform that the following of our Sub-brokers are desirous to cancel their registration on BSE/NSE with immediate effect
PANKAJKUMAR GOPALDAS PANCHAL
VISHVA KARMA SOCIETY KARATH ROAD, LIMDI, DAHOD, PANCHMAHALS GUJARAT 389180
NSE-INS23845157/23-06378
BSE-INS018627310/01-11102
Hence they are no longer associated with us. Any person hanceforth dealing with above mention sub broker or with his firm shall do so at his or her own risk and we shall not be held liable for any transaction undertaken.
For Bonanza Protfolio Ltd.
Date : 11/03/2014 Sd/-
Place : Mumbai Director

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર અને કીકી જુના સર્વે જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૦, વિભાગમાં સોર્યોગ સેન્ટર, સરકારી માર્કેટની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન : (ઓ.) ૨૩૨૧૧૬૩, ૨૩૨૨૩૪૬, મો. : ૯૪૨૬૫ ૭૬૬૫૨, ૯૪૨૭૦ ૭૬૬૮૦

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જુન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com